અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૬ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૦, મંગળવાર; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૩૪ |
| અમદાવાદ | ૧૭૫ |
| ગાંધીનગર | ૪૦ |

# રાજ્યમાં દિવાળી સુધી શાળાઓ લોક

**દિવાળી બાદ પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવાશે : સરકાર ● કેન્દ્ર સરકારે ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ કરવાની મંજૂરી આપી દીધી છે**




ગાંધીનગર,તા.૧૪

એક તરફ અનલોક ૪માં કેન્દ્ર સરકારે ૨૧ સપ્ટેમ્બરથી ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ કરવાની મંજૂરી આપી દીધી છે, ત્યારે ગુજરાત સરકારે દિવાળી પહેલા સ્કૂલો શરુ નહીં થાય તેવો નિર્ણય લઈ લીધો છે. અનલોકમાં ધીરે ધીરે કરીને બધુ ખૂલી રહ્યું છે. જે નથી ખૂલ્યું તે છે શાળા. જેના પર અનેક સવાલો ઉભા થયા છે. દરેક વાલીને એ પ્રશ્ન સતાવી રહ્યો છે કે, આખરે શાળાઓ ક્યારે ખૂલશે. ત્યારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાતમાં દિવાળી બાદ જ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરવા અંગે સરકાર વિચારણા કરશે તેવું જણાવ્યું છે. કોરોનાની પરિસ્થિતિમાં સરકારે કહ્યું કે, દિવાળી બાદ રાજ્યમાં કોરોનાની કેવી પરિસ્થિતિ છે તેના આધારે શાળાઓ શરૂ કરવા સંદર્ભે શિક્ષણ વિભાગ વિચારણા કરશે. દિવાળી પછી ગુજરાતમાં શાળાઓ ખૂલશે તેવી શક્યતાઓ છે.

થોડા દિવસ પહેલા જ ડે. સીએમ નીતિન પટેલે જાહેરાત કરી

● અનુસંધાન પાના ૭ પર

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા ૨૧મીથી ખુલશે : સ્વાસ્થ્ય મંત્રાલયે ગાઈડલાઈન જાહેર કરી

**ઈન્સ્ટિટ્યુટ ખોલતા પહેલા ઉચ્ચ શિક્ષણ વિભાગની સલાહ લેવાની રહેશે**

ન્યુ દિલ્હી,તા.૧૪

ઈન્સ્ટિટ્યુટમાં તૈયાર કરવામાં આવશે ક્વોરેન્ટીન સેન્ટર, ક્લાસ પૂર્વે પરિસરને સેનિટાઈઝ કરવાનું રહેશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રવિવારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ માટે આંશિક છૂટ આપવા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (SOP) જાહેર કરી છે. ૨૧ સપ્ટેમ્બરથી વિવિધ ધોરણોમાં અભ્યાસ શરૂ થઈ જશે. મંત્રાલયે કહ્યું છે કે-ઈન્સ્ટિટ્યુટ ખોલતા પહેલા શિક્ષણ વિભાગની સલાહ લેવાની રહેશે.અન્ય શહેરોથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ખોલી શકાશે. જોકે, બહારથી આવતા વિદ્યાર્થીઓને વર્ગમાં હાજર થતા

● અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, સીજેઆઈ પર ચીન નજર રાખી રહ્યું છે

**ઉદ્યોગપતિથી લઈ પત્રકારો પર પણ ચીનની નજર : ચીન સરકાર અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીથી જોડાયેલી એક મોટી ડેટા કંપની ઓછામાં ઓછા ૧૦ હજાર ભારતીયના રિયલ ટાઇમ ડેટા પર નજર રાખે છે**

નવી દિલ્હી, તા.૧૪

ચીન સરકાર અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીથી જોડાયેલી એક મોટી ડેટા કંપની ઓછામાં ઓછા ૧૦ હજાર ભારતીયોના રિયલ ટાઈમ ડેટા પર નજર રાખી રહી છે. તેમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિપક્ષની મોટી નેતા સોનિયા ગાંધી અને તેમનો પરિવાર, વિભિન્ન રાજ્યોના મુખ્યમંત્રી, ન્યાયતંત્રથી લઈને ઉદ્યોગ જગતની મોટી હસ્તીઓ અને ત્યાં સુધી કે મીડિયા સાથે જોડાયેલા લોકો પણ સામેલ છે. યાદીમાં કેટલાક અપરાધી અને આરોપીઓના નામ પણ સામેલ છે. એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ મુજબ, આ કંપની હાઈબ્રીડ વોરફેર અને ચીની રાષ્ટ્રના વિસ્તાર માટે બિગ ડેટાના ઉપયોગમાં પોતાને સૌથી આગળ ગણાવે છે. ઝેનહુઆ ડેટા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કંપની લિમિટેડ તરફથી આ લોકો પર રિયલ ટાઈમ નજર રાખવામાં આવી રહી છે. તેમાં આ લોકો સાથે જોડાયેલી દરેક નાનામાં નાની જાણકારીને સામેલ કરવામાં આવી રહી છે. જે લોકો પર નજર રાખવામાં આવી રહી છે તેમાં પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જી, રાજસ્થાનના ઝસ અશોક ગહલોત, પંજાબના ઝસ કેપ્ટન અમરિંદર સિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, મધ્ય પ્રદેશના ઝસ શિવરાજસિંહ ચૌહાણ અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન

● અનુસંધાન પાના ૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૯૨૬૯૪૪૩ | ૯૨૯૭૫૧ | ૨૧૧૦૩૦૯૩ |
| ભારત | ૪૮૯૩૫૭૮ | ૮૦૨૯૪ | ૩૮૨૪૪૯૭ |
| ગુજરાત | ૧૧૪૯૯૬ | ૩૨૩૦ | ૯૫૩૬૫ |
| ગાંધીનગર | ૨૯૫૭ | ૧૫૫ | ૨૪૦૪ |

# દેશમાં કોરોના કેસ ૪૮ લાખને પાર

**૨૪ કલાકમાં ૯૨ હજાર કરતા વધુ નવા દર્દીઓ : ૧૧૩૬ના મૃત્યુ સાથે દેશમાં મૃત્યુઆંક ૭૯૭૨૨એ પહોંચ્યો**




ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૪૮ લાખને પાર થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૯૨,૦૭૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧,૧૩૬ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૪૮,૪૬,૪૨૮ થઈ ગઈ છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૭ લાખ ૮૦ હજાર ૧૦૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૮૬,૫૯૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૯,૭૨૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૭ લાખ ૮૦ હજાર ૧૦૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૮૬,૫૯૮ એક્ટિવ કેસો છે.

● અનુસંધાન પાના ૭ પર

# પ્રથમ દિવસે જ ૩૦ સાંસદ કોરોનાગ્રસ્ત

**સંસદના ચોમાસુ સત્રને પણ કોરોના વાયરસનું ગ્રહણ : અનંત હેગડે, મીનાક્ષી લેખી, પ્રવેશ વર્મા સહિત ૩૦ કોરોનાથી સંક્રમિત : મહામારી સામેની તમામ તકેદારીને વચ્ચે સંસદનું સત્ર શરૂ થયું, કોરોનાના ટેસ્ટ ઉપરાંત સંસદમાં પહેલી વખત બેસીને બોલવા માટેની મંજૂરી અપાઈ**



નવી દિલ્હી, તા. ૧૪

ચોમાસુ સત્રના પહેલાં દિવસે જ ૩૦ સાંસદો કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. બધા સાંસદોનો સંસદનું સત્ર શરૂ થતા પહેલાં કોરોના ટેસ્ટ કરાયો હતો. અત્યાર સુધીમાં થયેલા ટેસ્ટમાં ભાજપના સાંસદ મીનાક્ષી લેખી, અનંદકુમાર હેગડે અને પ્રવેશ સાહિબ સિંહ વર્મા સહિત ૩૦ સાંસદો પોઝિટિવ મળ્યા છે. આ ઉપરાંત સુખબીર સિંહ, પ્રતાપ રાવ જાધવ, જનાર્દન સિંહ, હનુમાન બેનીવાલ સેલ્વમ જી, પ્રતાપ રાવ પાટિલ, રામશંકર કઠેરિયા, સત્યપાલ સિંહ સહિત અન્ય સાંસદોનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. સંસદનું સત્ર શરૂ થતા પહેલાં બધા સાંસદોનો કોવિડ-૧૯ ટેસ્ટ થયો હતો. તેમાંથી અત્યાર સુધીમાં ૩૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સંસદ શરૂ થતા પહેલાં તમામ સાંસદોનો કોરોના રિપોર્ટ કરાયો હતો. તેમાંથી અત્યાર સુધીમાં ૩૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. લોકસભાના સાંસદોનો ટેસ્ટ ૧૩ અને ૧૪ ઓગસ્ટે સંસદના પરિસરમાં કરાયો હતો. કોરોના મહામારી વચ્ચે, લોકસભાની કાર્યવાહી સોમવારે સવારે ૯ વાગ્યે શરૂ થઈ. સાંસદોની હાજરી પુરવાની રીત બદલાઈ ગઈ છે. હવે, સાંસદોને 'અટેન્ડેસ રજિસ્ટર' એપ દ્વારા હાજરી નોંધાવવાની રહેશે. સોમવારે ઘણા સાંસદોએ રસપૂર્વક તેની પ્રોસેસ સમજી હતી.

● અનુસંધાન પાના ૭ પર



સાઈકલ પર સંસદભવન - કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે સાયકલ પર સંસદભવન પહોંચ્યા હતા... કોરોના સામેની લડાઈમાં રોગપ્રતિકારક શક્તિ વધારવાના ભાગરૂપે નિયમિત વ્યાયામ અને સાયકલીંગ અનિવાર્ય છે ત્યારે મનસુખભાઈ માંડવીયાએ સાયકલ પર સંસદભવન જઈને રોજ સાયકલીંગ કરવાનો સંદેશ આપ્યો હતો...

## ચીને ભૂતાનની જમીન પચાવી પાડવા માટે સૈન્ય ખડકી દીધું

નવી દિલ્હી, તા. ૧૪

ચાલાક ચીને હવે વધુ એક દાવ અજમાવ્યો છે. લદ્દાખ અને દક્ષિણ ચીન સમુદ્ર પછી ચીનનું સૈન્ય ભૂતાન સામે મોરચો ખોલવાની તૈયારી કરી છે. ભૂતાન સાથે સરહદ મુદ્દે વાતચીતમાં તેના પર દબાણ વધારવા માટે ચીને પશ્ચિમ અને મધ્ય ભાગમાં મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કરી દીધા છે. ભારતે ચીનના જોખમ અંગે ભૂતાનને અગાઉથી જ સાવધ કરી દીધું છે. ભૂતાનના કેટલાક વિસ્તારો પર અતિક્રમણ અને ઘૂસણખોરી કરીને ચીન આ વિસ્તારો પર પોતાનો દાવો મજબૂત કરે તેવી સંભાવના છે. બીજીબાજુ દક્ષિણ ચીન સમુદ્રમાં દાદાગીરી માટે ચીનનું ત્રીજું એડવાન્સ એરક્રાફ્ટ કેરિયર તૈયાર થઈ ગયું છે, જે વર્ષના અંત સુધીમાં લોન્ચ કરાય તેવી શક્યતા છે. ભૂતાનના ભારત સાથે ગાઢ સંબંધો છે અને ભારતની સલામતીમાં ભૂતાનની પણ મહત્વની ભૂમિકા છે, કારણ કે ભૂતાન સિલિગુરી કોરિડોરની ખૂબ જ નજીક છે. આ સંજોગોમાં જમીન અંગે ભૂતાનની ચીન સાથે કોઈપણ પ્રકારની સમજૂતી ભારતની સલામતી પર વિપરિત અસર કરશે.

# કોરોનાની સાથે-સાથે કામ કરવું પણ જરુરી : પ્રધાનમંત્રી મોદી

**સેનાના વીર જવાન સરહદ પર છે અને હિંમત સાથે, જોશ સાથે, મક્કમતા સાથે, દુર્ગમ પહાડો પર ઊભા છે : પીએમ**



નવી દિલ્હી,તા.૧૪

ચીનના મુદ્દા પર કેન્દ્ર સરકારને ઘેરવાની તૈયારી કરી રહેલા વિપક્ષને વડાપ્રધાન નરેન્દ્ર મોદએ આજે બાંધવાની કોશિશ કરી છે. વડાપ્રધાન મોદીએ સંસદ સત્રના શરુ થતા પહેલા કહ્યું કે આખું સંસદ ગૃહ દેશના વીર જવાનો સાથે ઉભું છે અને ગૃહમાંથી એક સ્વર, એક ભાવ અને ભાવના સાથી જવાનો માટે છે. કોરોના સંકટ વચ્ચે આજથી સંસદનું ચોમાસુ સત્ર શરુ થઈ રહ્યું છે. આ દરમિયાન રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી અલગ-અલગ સમય પર થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ

● અનુસંધાન પાના ૭ પર

## સલમાન ખાનને જોધપુરની કોર્ટમાં હાજર રહેવા આદેશ

**કાંકાણી હરણ શિકાર, આર્મ્સ એક્ટ હેઠળ સુનવણી**

કોરોના યુગમાં પણ અદાલતો સલમાન ખાનનો પીછો છોડતી નથી. જોધપુરમાં ન્યાયાધીશ રાઘવેન્દ્ર કચ્છવાહની કોર્ટમાં ફિલ્મ અભિનેતા સલમાન ખાનને લગતા હરણ શિકાર કેસ અને આર્મ્સ એક્ટ કેસની સુનાવણી પેન્ડિંગ હતી. આ અંતર્ગત સલમાન વતી તેમના એડવોકેટ હસ્તીમલ સારસ્વત કોર્ટમાં હાજર હતા. આ સિવાય સરકાર વતી પી.પી.મગરમ કોર્ટમાં હાજર હતા, જેના આધારે કોર્ટે સ્પષ્ટ સૂચના આપી હતી કે ૨૮ સપ્ટેમ્બરથી આ કેસમાં ચર્ચા શરૂ થવાની છે. સાથે જ આ દરમિયાન કોર્ટે સલમાન ખાનને કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કાંકણી હરણ શિકાર કેસમાં સલમાન ખાનને સીજેએમ રૂરલ કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર દેવકુમાર ખત્રીની અદાલતે ૫ વર્ષની સજા સંભળાવી હતી. આ પછી સલમાન વતી જિલ્લા અને સેશન્સ જિલ્લા જોધપુર કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી અને આ સજાને રદ કરવાની માગ કરવામાં આવી હતી.